આ પ્રશ્નપત્રમાંથી ઓછા-વત્તા (થોડા-ઘણા) પ્રમાણમાં પ્રશ્નો તા. ૨૯ ફેબ્રુઆરી, ૨૦૦૪ના રોજ લેવાનાર મુખ્ય પરીક્ષામાં પણ પુછાવાની શક્યતાઓ રહેલી છે.

# બોચાસણવાસી શ્રી અક્ષરપુરુષોત્તમ સ્વામિનારાયણ સંસ્થા

## સત્સંગ શિક્ષણ પરીક્ષા

## પૂર્વ કસોટી : સત્સંગ પ્રવીણ : પ્રશ્નપત્ર - ૨

જાન્યુઆરી, ૨૦૦૪ | સમય : બપોરે ૨:૦૦ થી ૫:૦૦ | કુલ ગુણ : ૧૦૦

**નોંધ : જમણી બાજુએ આપેલા અંકો તે પ્રશ્નના ગુણાંક દર્શાવે છે.**

### વિભાગ - ૧ : કિશોર સત્સંગ પ્રવીણ

**પ્રશ્ન.૧. નીચેનાં વિધાનો કોણ, કોને અને ક્યારે કહે છે તે લખો. (કોઈપણ બે)** **(૬ ગુણ)**

૧. ''આપ સાક્ષાત્ પૂર્ણ પુરુષોત્તમ નારાયણ છો માટે મને આપની સેવામાં રાખો.''

૨. ''તો મને પણ મારો ભાગ આપો.''

૩. ''જગતના નાશવંત સુખમાં ન રહેતા આપનું ગમતું કરવા આવ્યો છું.''

૪. ''એ તો હું, આ ઘરમાં અમે રહીએ છીએ.''

**પ્રશ્ન.૨. નીચે આપેલાં વાક્યોમાંથી કોઈપણ બે વિષે કારણ આપી સમજાવો. (બારેક લીટીમાં)** **(૬ ગુણ)**

૧. ચિત્રકેતુ રાજાએ કરોડ સ્ત્રીઓનો ત્યાગ કર્યો.

૨. ટરોરોમાં અસંખ્ય જીવો સત્સંગમાં રસ લેતા થયા.

૩. રામખાચર સંડાસમાં સંતાઈ ગયા.

૪. અલૈયા ખાચરને ખૂબ પશ્ચાત્તાપ થયો.

**પ્રશ્ન.૩. નીચેના વિષયો ઉપર મુદ્દાસર નોંધ લખો. (બારેક લીટીમાં)** **(૮ ગુણ)**

૧. સોમલા ખાચરે મહારાજને આપેલો ગરાસ **અથવા** માનસી પૂજા

૨. અદ્‌ભુતાનંદ સ્વામી **અથવા** કલ્યાણ

**પ્રશ્ન.૪. નીચેના પ્રશ્નોના જવાબ એક વાક્યમાં આપો.** **(૬ ગુણ)**

૧. સંતને કોની સાથે અખંડ સંબંધ છે ?

૨. શ્રીજીમહારાજે ગણિકાને કેવા આશીર્વાદ આપ્યા ?

૩. કૃપાનંદ સ્વામીના મંડળમાં કોણ ઘણું રહ્યા હતા ?

૪. શ્રીજીમહારાજના અંગરક્ષક તરીકે કયા કયા પાર્ષદો હતા ?

૫. ક્રિયા બંધનરૂપ ક્યારે થાય ?

૬. શ્રીજીમહારાજે અક્ષરાનંદ સ્વામીને કયાંના મહંત કર્યા ?

**પ્રશ્ન.૫. નીચે આપેલ 'સ્વામીની વાત' પૂરી કરી તેનું નિરૂપણ લખો.** **(૫ ગુણ)**

ભગવાનને મોટા સાધુને ......

**અથવા**

**નીચે આપેલ વચનામૃતનું નિરૂપણ લખો.**

ગઢડા પ્રથમ પ્રકરણનું ૫૪મું

**પ્રશ્ન.૬. નીચે આપેલાં વાક્યોમાંથી વિષયને અનુરૂપ પાંચ સાચાં વાક્યોને શોધી ફક્ત નંબર લખો.** **(૫ ગુણ)**

**ટૂંકનોંધ:- જીવાખાચરની ઈર્ષ્યા**

**૧.** શ્રીજીમહારાજને રસોડામાં ચૂલા ઉપર બેસીને દિશાએ જવાનું કહ્યું. **૨.** ભગુજી મહારાજના વચનનું રહસ્ય સમજી ગયા. **૩.** પોતાનો કિંમતી ઢોલિયો તોડી તાપણી કરી. **૪.** રામખાચરને લાલચ આપી શ્રીજીમહારાજને મારવા મોકલ્યો. **૫.** મહારાજને થૂંકવા માટે પોતાની પાઘ ધરી. **૬.** આ ગઢ તો અમારે કામનો કહેવાય માટે મંદિર તમે બીજે ઠેકાણે કરો. **૭.** અમૂલ્ય ફેંટામાંથી ચીંથરી કાઢી મહારાજને પાટો બાંધ્યો. **૮.** શ્રીજીમહારાજે રામખાચરને માફી આપી. **૯.** ભાઈના કૃત્ય સામું ન જોતાં એને તમારા ધામનો અધિકારી બનાવજો. **૧૦.** તેમની ભક્તિથી શ્રીજીમહારાજ અત્યંત પ્રસન્ન થયા.

**પ્રશ્ન.૭. નીચેની કોઈપણ બે પંક્તિ પૂર્ણ કરો.** **(૪ ગુણ)**

૧. વ્હાલા તારી જમણી ભૂજાને ............... ધ્યાન ધરે રે લોલ.

૨. મન મારું મોહ્યું ............................... મનડાં હર્યાં રે લોલ.

૩. શિર પર પુષ્પનો ............................... શોભે ઘણેરાં.

**પ્રશ્ન.૮. નીચેનામાંથી કોઈપણ બે ની પૂર્તિ કરો.** **(૪ ગુણ)**

૧. *गालीदानं* .............................. *हितं च तैः* ॥

૨. *मायामयाकृति* .............................. *भक्तिधर्मतनयं शरणं प्रपद्ये* ॥

૩. સંત હું ને હું તે વળી .............................. એની વાતમાં રે.

## વિભાગ - ૨ : ગુણાતીતાનંદ સ્વામી

**પ્રશ્ન.૯. નીચેના વિધાનો કોણ, કોને ને ક્યારે કહે છે તે લખો. (કોઈપણ બે)** **(૬ ગુણ)**

૧. ‘‘જુઓ, પાણી કેવું ચોખ્ખું થઈ ગયું.’’

૨. ‘‘બ્રહ્મા પણ સુરાપાન જો કરે તો તે અશુદ્ધ બની જાય.’’

૩. ‘‘અવળી ગંગા ન હોય.’’

૪. ‘‘અમારા ગામમાં કોઈ વિદ્વાન સંત મોકલો.’’

**પ્રશ્ન.૧૦. નીચે આપેલાં વાક્યોમાંથી કોઈપણ બે વિષે કારણ આપો. (દસેક લીટીમાં)** **(૬ ગુણ)**

૧. સ્વામીએ પોતાના ભાગનો લાડુ એક સંતને આપી દીધો.

૨. માધવજી દવેને ઘેર સ્વામીશ્રીએ રાત્રે જ પધરામણી કરી.

૩. શ્રીજીમહારાજે મૂળજી ભક્તને પાછા બોલાવવા ભગુજીને મોકલ્યા.

૪. વાસુદેવચરણદાસને શાંતિનો અનુભવ થયો.

**પ્રશ્ન.૧૧. નીચેના કોઈપણ બે વિષે મુદ્દાસર નોંધ લખો. (બારેક લીટીમાં)** **(૮ ગુણ)**

૧. ભક્ત વત્સલ　　　　૨. સ્વામીની ક્ષમાશીલતા

૩. આજ્ઞાધારક સ્વામીશ્રી　　　　૪. સદ્‌ગુરુ કોણ ?

**પ્રશ્ન.૧૨. નીચેના પ્રશ્નોના એક વાક્યમાં જવાબ આપો.** **(૫ ગુણ)**

૧. અક્ષર પુરુષોત્તમના સ્વરૂપની વિશિષ્ટતા કોણ સમજી શક્યું ?

૨. સંતો અક્ષરધામમાંથી શું લઈને આવ્યા હતા ?

૩. સ્વામીએ વેદાંતીઓનો પરાજય કયા ગામમાં કર્યો ?

૪. મૂળજી કોને ધરી રહ્યા છે ? અને કોનાથી પર છે.

૫. ગુણાતીતાનંદ સ્વામીને મહારાજ બીજા કયા નામથી બોલાવતા ?

**પ્રશ્ન.૧૩. નીચેના પ્રસંગોમાંથી કોઈપણ એક પ્રસંગ ટૂંકમાં વર્ણવી ભાવાર્થ લખો. (બારેક લીટીમાં)** **(૪ ગુણ)**

૧. તુલસી દવેને સમાધિ　　　　૨. મૂળજી શ્રોત્રિયને સ્વામીએ કરેલી આજ્ઞાઓ.

૩. સ્વામીના સત્સંગી　　　　૪. ક્ષમાશીલ

**પ્રશ્ન.૧૪. આપેલા વિકલ્પોમાંથી સાચા વિકલ્પો લખો.** **(૬ ગુણ)**

**નોંધ : એકથી વધારે (બે કે ત્રણ પણ) જવાબ સાચા હોઈ શકે. તમામ સાચા જવાબ જણાવ્યા હશે તો જ પૂર્ણ ગુણ મળશે. અન્યથા એક પણ ગુણ નહીં મળે.**

૧. ગુણાતીતાનંદ સ્વામી ઉપશમમાં ઊતરી ગયા.

(અ) વાસુદેવચરણ સ્વામીને શાશ્વત શાંતિનો અનુભવ થયો.

(બ) હે રાજા રહુગણ ! તે એકોવિદ છે.

(ક) વૃત્તિઓનો નિરોધ કરી અમને જોઈ રહો તો ગ્રંથિઓ ગળી જાય અને વાસનાનો નાશ થાય.

(ડ) સર્વોપરી પુરુષોત્તમના સ્વરૂપનું અને અક્ષરના સ્વરૂપનું જ્ઞાન પાત્ર-કુપાત્ર જોયા વગર કહેવા જ માંડ્યું.

૨. ભક્તવત્સલ સ્વામીશ્રી

(અ) ધ્યાન કરો છો કે ગોટા વાળો છો.

(બ) હવે તેને લાકડાં કાપવા નહિ પડે.

(ક) બ્રાહ્મણ મૂળજી શ્રોત્રિયને દીકરાના લગ્ન વરસ પછી કરવાની આજ્ઞા કરી.

(ડ) આ તો કાચું સોનું છે પણ ઠાકોરજીનો વીસમો ભાગ કાઢજો.

૩. તમારામાં અખંડ રહ્યો છું.

(અ) ગોપાળાનંદ સ્વામીએ સ્વામીને સાંત્વન આપ્યું.

(બ) હું ગોપાળાનંદ સ્વામીમાં અખંડ રહ્યો છું.

(ક) જેઠ સુદ સાતમે સ્વામી ગઢડા આવી પહોંચ્યા.

(ડ) ધ્રોનું જીવન જળ છે.

**વિભાગ - ૩ : ''સત્સંગ પરિચય'' પરીક્ષાનાં પુસ્તકોના આધારે - છેલ્લી આવૃત્તિ**

**પ્રશ્ન.૧૫. નીચેના વિષયો ઉપર વીસ લીટીમાં વિવરણ લખો. (કોઈપણ ત્રણ)** (૨૧ ગુણ)

| | | |
|---|---|---|
| ૧. રામચંદ્ર શેઠને નિશ્ચય (સહજાનંદ ચરિત્ર) | **અથવા** | અણછાજતા સ્વભાવ મૂકવા. (સહજાનંદ ચરિત્ર) |
| ૨. શૂદ્રોને દ્વિજપણું દીધું. (સહજાનંદ ચરિત્ર) | **અથવા** | રમૂજ સ્વભાવના નિત્યાનંદ સ્વામી (સ.વા. ભા.૨) |
| ૩. પ્રેમાનંદ સ્વામી અને મહારાજનું પ્રથમ મિલન (સ.વા. ભા.૨) | **અથવા** | બાલમુકુંદ સ્વામી અને અદાશ્રીનો મેળાપ. (સ.વા. ભા. ૨) |
| ૪. મંદિરોનું મહત્ત્વ અને અમદાવાદ મંદિરનો ઈતિહાસ (કિ.સ.૫) | **અથવા** | સુંદરજી સુથાર (કિ.સ.૫) |
| ૫. દામોદરભાઈની સ્વરૂપ નિષ્ઠા (કિ.સ.૫) | **અથવા** | અનુવૃત્તિના પાલક (પ્રાગજી ભક્ત) |
| ૬. સત્સંગમાંથી વિમુખ (પ્રાગજી ભક્ત) | **અથવા** | વાંસદાના દીવાનને સત્સંગ (પ્રાગજી ભક્ત) |

* * *

**અગત્યની નોંધ :-**

(૧) મુખ્ય પરીક્ષા દિને વર્ગખંડમાં હાજર રહેલ પ્રત્યેક પરીક્ષાર્થી ભૂલ્યાં વગર વર્ગસુપરવાઈઝર પાસેથી પોતાની જ વિગત દર્શાવતું સ્ટીકર મેળવી લઈને પોતાની જ જવાબવહીના મુખ્ય પૃષ્ઠ ઉપર દર્શાવેલ જગ્યામાં ચોંટાડ્યા બાદ વર્ગસુપરવાઇઝરની સહી જવાબવહી ઉપર કરાવી લે. **વર્ગસુપરવાઈઝરની સહી વગરની જવાબવહી માન્ય ગણાશે નહીં.**

(૨) પરીક્ષાર્થી ફક્ત વાદળી અથવા કાળી શ્યાહીવાળી પેનથી જ જવાબવહીમાં ઉત્તરો લખે. પેન્સિલથી, લાલ, લીલી કે અન્ય શ્યાહીથી લખેલ ઉત્તરો માન્ય ગણાશે નહીં.